# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના આદિવાસી પ્રભુત્વ ધરાવતા ડેડિયાપાડામાં 9 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
2. શ્રી મોદીએ કહ્યું કે, સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસી સમુદાયના યોગદાનને દેશ ક્યારેય ભૂલી નહીં શકે.
3. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે રાજ્યના અનેક જિલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાયા
4. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગ રૂપે આવતીકાલથી ૨૪ નવેમ્બર સુધી રાજ્યમાં પદયાત્રા યોજાશે
5. ગુજરાત રાજ્ય સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે આંતરરાષ્ટ્રીય સાયબર સ્લેવર- ગુલામી કેસમાં 3 આરોપીઓની ધરપકડ કરી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યના આદિવાસી પ્રભુત્વ ધરાવતા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા શહેરમાં 9 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

(BYTE- NARENDRA MODI, PM)-BIRSA MUNDA SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આદિવાસી ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ રહ્યું છે. તેમણે એ વાત પર પણ ભાર આપ્યો કે, જ્યારે પણ દેશના સન્માન, સ્વાભિમાન અને સ્વશાસનનો પ્રશ્ન સર્જાયો ત્યારે ભારતનો આદિવાસી સમુદાય સૌથી આગળ ઊભો રહ્યો છે. ગુજરાતમાં નર્મદાના ડેડિયાપાડા ખાતે મહાન ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ આ વાત કહી. તેમણે કહ્યું, સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસી સમુદાયના યોગદાનને દેશ ક્યારેય ભૂલી નહીં શકે.

(BYTE: NARENDRA MODI, PM) – TRIBAL SOCIETY

શ્રી મોદીએ કહ્યું, આજે શ્રી ગોવિંદ ગુરુ પીઠ જનજાતીય ભાષા સંવર્ધન કેન્દ્રની પણ સ્થાપના કરવામાં આવી છે, જ્યાં તમામ આદિવાસી સમુદાયની બોલીઓનો અભ્યાસ કરાશે. પ્રધાનમંત્રીએ કહ્યું, આ કેન્દ્રમાં તેમની સાથે સંકળાયેલી વાર્તાઓ અને ગીતો પણ સાચવવામાં આવશે. આજે સમગ્ર દેશમાં અનેક આદિવાસી સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યા હોવાનું પણ શ્રી મોદીએ ઉમેર્યું.

(BYTE: NARENDRA MODI, PM) – TRIBAL MUSEUM

આ પહેલા શ્રી મોદીએ સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહામોગી માતા દેવમોગરા ધામમાં પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરી. દેવમોગરી ધામ ખાતે આદિજાતિ સમાજનાં કુળદેવી પાંડોરા માતા બિરાજમાન છે.

અગાઉ આજે સવારે શ્રી મોદીએ મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે કૉરિડોરના કામની સમીક્ષા કરવા સુરતમાં અંત્રોલી ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેનમથકની મુલાકાત લીધી. અંદાજે 508 કિલોમીટર લંબાઈનો આ કૉરિડોર ભારતના સૌથી મહત્વાકાંક્ષી માળખાગત સુવિધા પરિયોજનાઓમાંથી એક છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય અપાવવા બદ+લ બિહારના લોકોનો આભાર વ્યક્ત કર્યો. સુરતમાં રહેતા બિહારી સમુદાયને સંબોધતા શ્રી મોદીએ બિહારના મતદારોની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું, હવે બિહાર વિકાસની નવી ઊંચાઈઓ સુધી પહોંચવાની તૈયારી બતાવી રહ્યું છે, જે આ ચૂંટણીમાં જોવા મળ્યું છે.

-------------

# BIRSA MUNDA 150 JAYANTI

ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાતના અનેક જિલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

દીવમાં ભાજપ પ્રમુખ મોહન લક્ષ્મણની અધ્યક્ષતામાં ભગવાન બિરસા મુંડાની 150મી જયંતી નિમિત્તે તેમના જીવન ચરિત્ર અંગે લોકોને માહિતગાર કરી તસવીર પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

તાપીના વ્યારા ખાતે રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરે જન નાયક બિરસા મુંડાને શ્રદ્ધાંજલી અર્પણ કરી સાથે આ કાર્યક્રમમાં પરંપરાગત સાંસ્કૃતિક નૃત્યો ફિલ્મ, તેમજ લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરાયું.

ડાંગના આહવા ખાતે વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલ અને સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદીની ઉપસ્થિતિમાં આદિજાતી વિભાગના વન અધિકાર અધિનિયમ- ૨૦૦૫ ના ૬૫ લાભાર્થીઓને અધિકારી પત્રો એનાયત કરાયા. જિલ્લામાં વિવિધ યોજનાઓના ૪૯૬ લાભાર્થીઓને ૨૭૩ લાખથી વધુની સહાયનું વિતરણ કરાયું.

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રાણાગઢ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમમાં સાંસદ ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું હતું કે, બિરસા મુંડાએ આપણા માટે જે કંઈ કર્યું છે, તેમના એ કાર્યને આપણે ક્યારેય ન ભૂલીએ, તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું છે. આદિજાતિ વિસ્તારના ગામોને આવરી લેતાં અંદાજિત ૭ કરોડથી વધુના ૮ કામોનું ઈ-ખાતમુહૂર્ત કરાયું.

અરવલ્લી જિલ્લામાં શામળાજી તાલુકાના ખરેંચા ખાતે સૈનિક સ્કૂલમાં વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.. જેમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને સન્માનિત કરાયા.

નવસારીના ચીખલીમાં શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈના અધ્યક્ષસ્થાને ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરાઇ. આ પ્રસંગે આદિવાસી સમાજના 20 વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ, કલાકારો, રમતવીરો અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સન્માન પત્રો એનાયત કરાયા.

રાજકોટમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે ૯૭૨ લાખના વિકાસ કાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા

હતા. જિલ્લા કલેકટર ડૉ. ઓમપ્રકાશે રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા આદિવાસી રમતવીરોનું સન્માન કર્યું તેમજ આદિવાસી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને સરકારની યોજનાકીય સહાયના ચેકનું વિતરણ કરાયું.

વલસાડના ધરમપુરના લાલ ડુંગરી ખાતે પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ધારાસભ્ય અરવિંદ પટેલ અધ્યક્ષતામાં રમતગમત અને કલા ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર આદિવાસી ખેલાડીઓ તથા કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા.હતા સરકારી યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી પત્રો, ચેક અને અધિકાર પત્રોનું વિતરણ કરવામાં આવ્યું.

-------------

# SARDAR – UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગ રૂપે અમદાવાદ જિલ્લામાં આવતીકાલથી ૨૪ નવેમ્બર દરમિયાન વિધાનસભા સ્તરે ૨૧ સ્થળોએ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ દિવસે નિકોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

આ પદયાત્રાની માહિતી આપતા જિલ્લા કલેકટર સુજીત કુમારે કહ્યું કે, આ પદયાત્રાનો હેતુ, સરદાર પટેલના એકીકૃત ભારતના દ્રષ્ટિકોણથી યુવાનો પ્રેરાઇ પ્રધાનમંત્રીના “વિકસિત અને આત્મનિર્ભર ભારત”ના મિશનમાં જોડાઈ સાચા અર્થમાં જનભાગીદારીના સંકલ્પને સાર્થક કરવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે....

(બાઇટ- સુજીત કુમાર, જિલ્લા કલેક્ટર, અમદાવાદ)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CYBER FRAUD

ગુજરાત રાજ્ય સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે આંતરરાષ્ટ્રીય સાયબર સ્લેવર- ગુલામી કેસમાં જૂનાગઢના પતિ-પત્ની સહિત 3 આરોપીઓની ધરપકડ કરી છે.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ રાજદીપસિંહ ઝાલાએ ગાંધીનગરમાં પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે આ ટુકડી યુવક-યુવતીઓને ડેટા એન્ટ્રી જેવા કામોને બહાને લઇ જવા લલચાવતા હતા. આ રેકેટમાં સંકળાયેલા બે પાકિસ્તાની નાગરિકો આ લોકોને સરહદ પાર કરાવીને દક્ષિણ એશિયાઇ દેશોમાં મોકલતા હતાં. 41 ભારતીય

નાગરિકોને દુબઇ રૂટથી થાઇલેન્ડ અને મ્યાનમાર જેવા દેશોમાં મોકલી ગુલામી કરાવતા હતા. તેમણે વધુમાં કહ્યું કે...

(બાઇટ- રાજદીપસિંહ ઝાલા, સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ)

-------------

# KHEDA – SARDAR PADYATRA

ખેડા જિલ્લાના દરેક વિધાનસભા વિસ્તારમાં સરદાર પદયાત્રા યોજાશે. આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડાના સાંસદ દેવુંસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે સરદાર પટેલે દેશની આઝાદી પછી અખંડ ભારતના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરદાર સાહેબના ગુણો અને વ્યક્તિત્વનો નવી પેઢીને પણ પરિચય થાય તે ઉદ્દેશથી આ સરદાર પટેલ પદયાત્રાઓ અને સરદાર સભાઓ યોજાશે. જેમાં સહુને જોડાવવા આહવાન કરાયું છે.

આવતીકાલથી ૨૧ નવેમ્બર સુધી જિલ્લાના છ એ વિધાનસભાઓમાં આ સરદાર પટેલ યાત્રાઓ અને સરદાર સભા યોજાશે.

-------------

# JUNAGADH-M.MANDAVIYA

કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આજે જુનાગઢ શહેરના પ્રવાસ દરમિયાન અનેક કાર્યક્રમમાં હાજરી આપી હતી. કલેક્ટર કચેરી ખાતે તેમણે અધિકારીઓ સાથે જિલ્લાના વિકાસ કામોની સમીક્ષા બેઠક કરી હતી.

રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓના અમલીકરણ અંગે તેમણે અધિકારીઓ પાસેથી વિગતો માગી હતી તેમજ છેવાડાના લોકો સુધી સુવિધા અને યોજના પહોંચે તે માટે અધિકારીઓને તાકીદ પણ કરી હતી. દરમિયાન પ્રબુધ્ધ નાગરિકો સાથેની વિચાર ગોસ્ટી દરમિયાન કેન્દ્રીય મંત્રીએ રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમત ગમતમાં સિદ્ધિ મેળવનારા જૂનાગઢના રમતવીરોનું સન્માન કર્યું હતું.

-------------

# SRN – KHANIJ CHORI

મુળી તાલુકાના લીમલી ગામે ચોટીલા નાયબ કલેકટર એચ ટી મકવાણાની ટીમે દરોડો પાડીને સરકારી ગૌચર જમીનમાંથી રેતી અને માટીની ખનીજ ચોરી ઝડપી પાડી હતી. સ્થળ પરથી 2 જે.સી.બી., 6 ડમ્પર સહિત રૂ.3 કરોડ 20 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ગેરકાયદે ખનન અંગે કાર્યવાહી કરવામાં આવી છે.

------------

# AMRELI-VIKASKAMO

ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ આજે અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૪૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ વિકાસકામોમાં રસ્તાઓ, પુલો અને અન્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે શ્રી વેકરીયાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં વિકાસકામોની યાત્રા અવિરત ચાલુ છે. તેમણે સંબંધિત અધિકારીઓને ગુણવત્તાલક્ષી રીતે અને સમયસર આ તમામ વિકાસકામો પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી.

-------------

# GUJ. VIDHANSABHA-TRIPURA

ત્રિપુરા વિધાનસભાની પિટીશન સમિતિના 6 સભ્યોનું પ્રતિનિધિમંડળે આજે ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી. ત્રિપુરાના પ્રતિનિધિમંડળના સભ્યોને ગુજરાતમાં કાર્યરત PMJAY યોજના, નલ સે જલ યોજના, પીએમ સૂર્યઘર જેવી કેન્દ્રીય પુરસ્કૃત પ્રજાલક્ષી યોજનાઓના સફળ અમલીકરણમાં ગુજરાતે હાંસલ કરેલી વિવિધ સિદ્ધિઓની ભૂમિકા આપવામાં આવી.

દરમિયાન વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતાએ સમિતિના સભ્યોને વિધાનસભાના નિયમાવલી અર્પણ કરીને ગૃહની કાર્યપદ્ધતિ અને વિધાનસભાની વેબસાઇટ અંગે માહિતી આપી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રતિનિધિમંડળ ચાર દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, સોમનાથ, દ્વારકા સહિતના વિવિધ સ્થળોની મુલાકાત લેશે.

-------------